BRAMPTON

Media Release

તાત્કાલિક પ્રકાશન માટે

# એપ્રિલ મહિનો બ્રેમ્પટનમાં અર્થ મન્થ તરીકે ઉજવવામાં આવે છે

આપણે અર્થ મન્થને સ્વીકારીએ છીએ ત્યારે સીટી ઑફ બ્રેમ્પટન સાથે આપણાં પૃથ્વી ગ્રહમાં રોકાણ કરો.

સીટી ઑફ બ્રેમ્પટન વધારે ટકાઉ અને હરિયાળુ ભવિષ્ય બનાવવાના હેતુસર આખો મહિનો આયોજનો અને પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. શનિવાર, એપ્રિલ 22 નાં રોજ **અર્થ ડે એન્વાયરોન્મેન્ટલ સેલિબ્રેશન** સાથે કાર્યક્રમ તેની પરાકાષ્ઠાએ પહોંચશે.

**પાર્ક્સ ક્લીનઅપ કાર્યક્રમ**

પાર્ક્સ ક્લીનઅપ કાર્યક્રમ એપ્રિલ 1 નાં રોજ શરૂ થયો અને નવેમ્બર 1 સુધી ચાલશે. સ્કૂલો સીટી ઑફ બ્રેમ્પટનના પાર્ક્સની સફાઈમાં મદદરૂપ થવા, સ્કૂલ ચેલેન્જ માટે નોંધણી કરાવી શકે છે. સહભાગી શાળાઓ Outdoor Learning Store (આઉટડોર લર્નિંગ સ્ટોર) પાસેથી $1,000 નું ગિફ્ટ સર્ટિફિકેટ જીતવા ડ્રો માટે પાત્ર થશે.

**કમ્યુનિટી ક્લીનઅપ્સ (સામુદાયિક સફાઈ)**

કમ્યુનિટી ક્લીનઅપના યજમાન Ecosource (ઈકોસોર્સ) છે
એપ્રિલ 15, 2023 બપોરે 1-4
Knightsbridge Park (નાઈટ્સબ્રિજ પાર્ક)

કમ્યુનિટી ક્લીનઅપ માટે યજમાન ટોરોન્ટો રીજીયન કન્ઝર્વેશન ઓથોરિટી છે
એપ્રિલ 22, સવારે 10-બપોરે 12
Loafers Lake (લોફર્સ લેક)

કમ્યુનિટી ક્લીનઅપના યજમાન સીટી ઑફ બ્રેમ્પટન પાર્ક્સ ડિપાર્ટમેન્ટ છે
એપ્રિલ 29, સવારે 10-બપોરે 12
Kiwanis Park (કિવાનિસ પાર્ક)

વસંત ઋતુની સફાઈ માટે ઉદાર પ્રાયોજક Alectra Inc. અને CN છે. પાર્ક્સ ક્લીનઅપ કાર્યક્રમ અને કમ્યુનિટી ક્લીનઅપ પર વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, [www.brampton.ca/cleanup.](http://www.brampton.ca/cleanup)

**સીટી ઑફ બ્રેમ્પટન અર્થ ડે સેલિબ્રેશન અને ક્લાઈમેટ ચેન્જ એક્ઝિબિશન**

એપ્રિલ 22 નાં રોજ બીજી વાર્ષિક અર્થ ડે ઉજવણી માટે અમારી સાથે Norton Place Park (નેશનલ પ્લેસ પાર્ક)માં જોડાઓ. સ્થાનિક પર્યાવરણલક્ષી સમૂહો સાથે વાત કરો, આબોહવામાં ફેરફાર પર પ્રદર્શનમાં ભાગ લો, સાથે સાથે વૃક્ષ અને બીયારણ ગીવઅવે (મફતમાં લઈ જાવ) અને અન્ય કુટુંબ-અનુકૂળ પ્રવૃત્તિઓ પણ થશે. આ ઈવેન્ટ માટે નોંધણી કરાવવાથી મફત લંચ આપવામાં આવશે. અહીં નોંધણી કરાવો, [www.brampton.ca/earthday.](http://www.brampton.ca/earthday)

સીટીની પહેલી ક્લાઈમેટ ચેન્જ સાથે અનુકૂળ થવાની યોજનાને પ્રોત્સાહન આપવા, ક્લાઈમેટ ચેન્જ એક્ઝિબિશનનું આયોજન કરશે. આવો, મહેમાન વક્તાઓને સાંભળો, જીવંત મ્યુરલ પેઈન્ટિંગ (ભીંતચિત્ર) બનાવવામાં ભાગ લો, અને રહેવાસીઓએ બનાવેલું આબોહવા-સંબંધિત આર્ટવર્ક (કલાકૃતિ) જુઓ. ક્લાઈમેટ ચેન્જ એક્ઝિબિશનમાં આબોહવા ફેરફાર કલા સ્પર્ધાના વિજેતાની ઘોષણા પણ કરવામાં આવશે.

**અર્થ ડે સેલિબ્રેશન અને ક્લાઈમેટ ચેન્જ એક્ઝિબિશન**

એપ્રિલ 22, બપોરે 12-4

Norton Place Park (નોર્ટન પ્લેસ પાર્ક)

અર્થ ડે 2023 નાં ઉદાર પ્રાયોજક CN અને GTAA છે. પાર્કિંગની જગ્યા સીમિત છે. કૃપા કરી બ્રેમ્પટન ટ્રાન્ઝિટમાં પ્રવાસ કરવાનું, સાઈકલ ચલાવવાનું કે ચાલીને આવવાનું વિચારો જેથી અર્થ ડે પર ટકાઉ કાર્યવાહીઓને ટેકો મળે.

**સામુદાયિક વૃક્ષારોપણ**

એપ્રિલ 22, ટોરોન્ટો રીજીયન કન્ઝર્વેશન ઓથોરિટી (TRCA) સાથેની ભાગીદારીમાં
Gore Meadows Community Centre (ગૉર મૅડોસ કમ્યુનિટી સેન્ટર), સવારે 9:30 - બપોરે 12

એપ્રિલ 23, યજમાનઃ ક્રેડિટ વૅલી કન્ઝર્વેશન (Credit Valley Conservation - CVC)
Andrew McCandless Park (એન્ડ્રયુ મૅકકેન્ડલેસ પાર્ક) સવારે 9:30-બપોરે 12

વૃક્ષો પર ચિત્રકામના ઉદાર પ્રાયોજક CN છે.

**રેસિડેન્શિયલ ટ્રી ગીવઅવે**

એપ્રિલ 22
Gore Meadows, સવારે 10-બપોરે 12
Norton Park Place, બપોરે 1-3

એપ્રિલ 23
Andrew McCandless Park (એન્ડ્રયુ મૅકકેન્ડલેસ પાર્ક) સવારે 10-બપોરે 12
Fred Kline Park (ફ્રેડ ક્લાઈન પાર્ક), બપોરે 1-3

ટ્રી ગીવઅવેના ઉદાર પ્રાયોજક CN અને Paradise Developments છે.

બધી અર્થ ડે ઉજવણીઓ, વૃક્ષારોપણ અને ટ્રી ગીવઅવે આયોજનો માટે પહેલેથી નોંધણી કરાવવી અનિવાર્ય છે.

અર્થ મન્થના કાઉન્ટડાઉન તરીકે, સીટીની શૂન્ય કાર્બન વ્યૂહરચનાના ભાગરૂપે, સીટી ઑફ બ્રેમ્પટને આ વર્ષે માર્ચ 25 નાં રોજ અર્થ અવરમાં ભાગ લીધો હતો, જે બ્રેમ્પટનની કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા અને આપણાં પૃથ્વી ગ્રહનું સંરક્ષણ કરવા માટે યોજાયો. ઘણી બ્રેમ્પટન સગવડોમાં આ એક-કલાકના સમયગાળા માટે, રાત્રે 8:30 થી 9:30 કલાક સુધી લાઈટો બંધ કરીને, આપણે તે હેતુસર આપણી સહભાગિતા અને એકતા દર્શાવી હતી.

વધુ માહિતી માટે વેબસાઈટ જુઓ, [www.brampton.ca/earthday.](http://www.brampton.ca/earthday)

**અવતરણો (ક્વૉટ્સ):**

"આપણે સૌએ વધારે હરિયાળુ અને બહુ ટકાઉ ભાવિ બનાવવામાં ભૂમિકા ભજવવાની રહે છે. આપણે પહેલેથી સુંદર અને સમૃદ્ધ સમુદાયનો ભાગ બનવામાં રોમાંચ અનુભવીએ છીએ, અને આપણે આપણી આબોહવા ફેરફાર અનુકૂલન યોજનામાં તેનો લાભ લઈ રહ્યાં છીએ. આપણે વસંત ઋતુ ઉજવીએ છીએ ત્યારે આપણી ટ્રી ગીવઅવે, શીખવાની તકો અને સામુદાયિક વૃક્ષારોપણ પહેલો સાથે વધારે સારા ભવિષ્ય માટે તે બીયારણ રોપવા એપ્રિલમાં અમારી સાથે જોડાશો."

*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઑફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca